ડાયરેક્ટ ❤ સે

ધીરજ
અને સહનશીલતા
કોઈ નબળાઈ નથી
એ તો આંતરિક તાકાત છે
જે બધાંમાં નથી હોતી

જન્મદિને વધામણી

જિતેન્દ્ર સી શાહ
મો. ૯૮૨૪૮ ૨૨૧૩૧

જયસુખ પી રાજપુત

મનોરંજન

સિટી પલ્સ

સ્કીન - ૩
અવેન્જર્સ (૩ડી, હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦
અવેન્જર્સ (૩ડી, અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫

સ્કીન - ૪
તિશાગ્નિ
૧૨.૩૦
ફેરા ફેરી હેરા ફેરી
(ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦
દાસ દેવ
૬.૪૫

સ્કીન - ૫
૧૦૨ નોટ આઉટ
૨.૧૫, ૬.૧૫,
૧૦.૧૫
ઓમેર્ટા
૧૨.૧૫, ૪.૧૫,
૮.૧૫

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા સે. ૨૪/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે

મારી શાળા મારું ગૌરવ પ્રોજેક્ટ અંતર્ગત સમર કેમ્પ યોજાયો

ગરીબ વર્ગનાં બાળકોમાં રહેલી વિશિષ્ટ શક્તિઓના વિકાસ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા મારી શાળા મારું ગૌરવ પ્રોજેક્ટ હેઠળ સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૪/૧ ખાતે ત્રિદિવસીય સમર કેમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં સેક્ટર-૨૩ કલસ્ટરની પાંચ શાળાઓનાં ૧૦૭ બાળકોએ ભાગ લીધો હતો. સમર કેમ્પમાં બાળકોએ બાળગીત, બાળવાર્તા, યોગ, આઈસ બ્રેકર, એક મિનિટ રમત, ફાફટ વર્ક, પ્રાણીઓનાં મહોરાં, ચિત્રકામ, ડાન્સ જેવી પ્રવૃત્તિઓ દ્વારા આનંદ સાથે જ્ઞાન મેળવ્યું હતું. સમર કેમ્પમાં વિવિધ શાળાનાં ૧૫ શિક્ષકોએ જોડાઈને બાળકોને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવી હતી. અલગ અલગ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારાં બાળકોને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ગાંધીનગર શહેર વિસ્તારના શાસનાધિકારી છાયાબેન રાવલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના લેક્ચરર રાજેન્દ્રભાઈ રાવલ તથા ચંદ્રકાન્ત સી પટેલ દ્વારા કેમ્પની મુલાકાત લઈ બાળકો અને શિક્ષકોને અભિપ્રેરિત કરવામાં આવ્યાં હતાં.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના ઉપક્રમે

રવિવારે ઘ-૪ સર્કલ ખાતે પુસ્તક પરબનું આયોજન

મુલાકાતી ઉપલબ્ધ પુસ્તકો પૈકી બે પુસ્તકો અને બે સામયિક ભેટમાં લઈ જઈ શકે છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં છેલ્લા સવા ચાર વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે, જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપૂર લાભ લે છે. ચાલુ માસની તા. ૬ઠ્ઠી મેના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો તેનો શુભાશય છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર મુલાકાતી ઉપલબ્ધ પુસ્તકો પૈકી બે પુસ્તકો અને બે સામયિક ભેટમાં લઈ જઈ શકે છે. ગુજરાત રાજ્યમાં ૧૫૮ જેટલાં સ્થળોએ આવી પુસ્તક પરબ યોજવામાં આવે છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે આ પ્રવૃત્તિના કર્તા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય ઘોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, વાઘેલાભાઈ, રોહિણી પરમાર, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાન્ત ગર્ગ દ્વારા પુસ્તકપ્રેમીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

પાટનગર યોજના પેટા વિભાગ દ્વારા પાણી બચાવવા નાગરિકોને સૂચનો

ગાંધીનગર, તા. ૪

ઉનાળો પોતાનો રંગ બતાવી રહ્યો છે અને ચોમેરથી પાણીના પોકારો આવી રહ્યા છે ત્યારે પાટનગર યોજના પેટા વિભાગ-૧૮ના નાયબ કાર્યપાલક ઈજનેર દ્વારા પાણી બચાવવા માટે નાગરિકોને જરૂરી સૂચનો કરવામાં આવ્યાં છે.

- પાણીના નળના લીકેજ તાત્કાલિક ધોરણે બંધ કરવા.
- હાલમાં પાણીની પાઈપ વડે વાહનો ધોવાનું ટાળવું.
- ઘર વપરાશના વેસ્ટ વોટરનો ઉપયોગ બગીચામાં છંટકાવ માટે કરવો.
- વોશિંગ મશીનમાં જરૂરિયાત મુજબ પાણીનો ઉપયોગ કરવો.
- બગીચામાં પાણીનો છંટકાવ ખૂબ જ જાળવણીપૂર્વક કરવો.
- ઘરકામ કરતા વ્યક્તિઓને પાણીની અગત્યતા સમજાવવી.
- પાણી શુદ્ધિકરણનાં સાધનોમાંથી નીકળતા વેસ્ટ વોટરનો ઉપયોગ કરવો.
- ટોઈલેટમાં કાળજીપૂર્વક ફ્લશ સિસ્ટમનો ઉપયોગ કરવો.
- સવારની રોજિંદી ક્રિયાઓ માટે પ્યાલા કે લોટાનો ઉપયોગ કરી પાણી બચાવવું.
- બગીચામાં પાણીનો છંટકાવ ઠંડા પહોરમાં જ કરવો, જેથી બાષ્પીભવન દ્વારા થતો પાણીનો વ્યય અટકાવી શકાય.

આ સૂષ્ટિ જળ આધારિત છે, જેને બચાવવાની જવાબદારી સમગ્ર સમાજની છે. પાણી સજીવ, નિર્જીવ બંનેની આવશ્યકતા છે, જેને ધ્યાને લઈ પાણીનો વ્યય અટકાવી, કસકસરપૂર્વક ઉપયોગ કરી આ અને આવનાર પેઢીને જળસંકટમાંથી ઉગરવાનો સંકલ્પ લેવા તેમણે નાગરિકોને અનુરોધ કર્યો છે.

ઍનસીસી કૅડેટ્સ દ્વારા પર્યાવરણ-પાણી સંરક્ષણ અભિયાન

ગાંધીનગર, તા. ૪

એનસીસી કેડેટ્સ, એએનઓ અને એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સ, અમદાવાદ દ્વારા ગાંધીનગર જિલ્લાનાં ગામોમાં પર્યાવરણ જાગરૂકતા માટે અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ગ્રામવાસીઓને પર્યાવરણનું સંરક્ષણ કરવા અને પાણીનું જતન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.

એનસીસી કેડેટ્સ દ્વારા પાણીના સંરક્ષણના સંદેશા સાથે જાગૃતિ રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. એડીજી, ગુજરાત, દિવ અને દમણ દ્વારા નેશનલ ડેફર્ટના ભાગરૂપે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેનો લાભ મોટી સંખ્યામાં જિલ્લાના ગ્રામવાસીઓને આપવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેરના આંબેડકર હૉલમાં

રવિવારે ઈન્કમ ટેક્ષ રિટર્ન અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન

સીએ ચિંતન ઠક્કર દ્વારા માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા. ૪

શહેરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા જાહેર જનતા માટે ઈન્કમ ટેક્ષ રીટર્ન અંગે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર યોજવાની જાહેરાત કરવામાં આવી છે.

આગામી તા. ૬ મે ને રવિવારના રોજ સવારે ૯.૩૦થી ૧૧.૩૦ દરમિયાન આંબેડકર હૉલ, સેક્ટર-૧૨ ખાતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ચિંતન એ ઠક્કર દ્વારા આ સેમિનાર યોજવામાં આવશે. સેમિનાર અંતર્ગત તેઓ દ્વારા ઈન્કમ ટેક્ષ રિટર્નનાં નવાં ફોર્મ્સની જોગવાઈઓ તથા તે અંગે કરદાતાઓએ કરવાની રહેતી તૈયારીઓ ઉપરાંત તે માટે નડતી સમસ્યાઓ અને તેમના ઉકેલ સૂચવવામાં આવશે. જાહેર જનતાને આ સેમિનારનો લાભ લેવા માટે તેમના દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૪૮૦૦૦ દ્વારા સંપર્ક કરવા પણ વધુમાં તેમણે જણાવ્યું છે.

પ્રોફેશનલ કોર્સ ચલાવતી સંસ્થાઓ દ્વારા

ફી કમિટી સમક્ષ જવામાં ઉદાસિનતાની રાવ

આગામી દિવસોમાં આવી સંસ્થાઓ સામે કડક કાર્યવાહી ન કરવામાં આવે તો સ્કૂલની ફી માટેની ફી કમિટી જેવી સ્થિતિ પ્રોફેશનલ ફી કમિટીની પણ થાય તેવી એંધાણી વર્તાઈ રહી છે

ગાંધીનગર, તા. ૪

હાયર એજ્યુકેશનમાં કોઈપણ પ્રોફેશનલ કોર્સની ફી નક્કી કરવા માટે ફી કમિટી અસ્તિત્વમાં છે. આ ફી કમિટીએ આગામી ત્રણ વર્ષ માટે ફી જાહેર કરી દીધી છે. કોઈપણ સંસ્થા પ્રોફેશનલ કોર્સ ચલાવતી હોય તેણે ફી નક્કી કરવા માટે એફઆરસી સમક્ષ જવું ફરજિયાત હોય છે. પરંતુ રાજ્યની અનેક ખાનગી કોર્સ ચલાવતી સંસ્થા ફી કમિટી પાસે જતી જ નથી. કમિટી દ્વારા વારંવાર સૂચના આપવા છતાં ચોક્કસ સંસ્થા કમિટીનું સાંભળતી નથી. આ સ્થિતિમાં જો હવે આ પ્રકારની સંસ્થાઓ સામે કાયદાકીય પગલાં ન લેવામાં આવે તો ફી કમિટીનું કોઈ વજૂદ જ ન રહે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાતની ખાનગી શાળાઓ માટે રચાયેલી ફી નિર્ધારણ કમિટીની કામગીરી સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. આ કમિટી સંચાલકોના ખોળે બેસી ગઈ હોવાના આક્ષેપો વાલીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે. એટલે કે સ્કૂલો માટે રચાયેલી ફી કમિટીનું કોઈ અસ્તિત્વ જ ન હોય તેવો માહોલ હાલ જોવા મળી રહ્યો છે. જેની સામે પ્રોફેશનલ કોર્સ માટેની ફી કમિટીની કામગીરી અસરકારક અને નિર્વિવાદ હોવા છતાં તે મર્યાદિત સત્તાના કારણે બિન અસરકારક બની રહી છે.

કોઈપણ વ્યવસાયલક્ષી કોર્સ કે જેને કાઉન્સિલ અને રાજ્ય સરકારની મંજૂરી હોય અથવા તો પ્રવેશની પ્રક્રિયા એડમિશન કમિટી દ્વારા થતી હોય તેમણે ફી નક્કી કરવા માટે એફઆરસી સમક્ષ જવું રૂ છે. હાલની સ્થિતિ એવી છે કે અનેક સંસ્થાઓ ફી નિર્ધારણ માટે ફી કમિટી સમક્ષ જતી જ નથી. આગામી દિવસોમાં આવી સંસ્થાઓ સામે કડક કાર્યવાહી ન કરવામાં આવે તો સ્કૂલની ફી માટેની ફી કમિટી જેવી સ્થિતિ પ્રોફેશનલ ફી કમિટીની પણ થાય તેવી એંધાણી વર્તાઈ રહી છે.

ગાંધીનગર શહેર અને ગ્રામ્યની શાળામાં ભણતાં

૬ થી ૧૪ વર્ષનાં બાળકો માટે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને ગ્રામ્યની શાળામાં ભણતા ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર શહેર અને ગ્રામ્યની શાળામાં ભણતા બાળકો માટે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો ભાગ લઈ શકશે.

ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપના પ્રવેશ ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી મળશે. આ પ્રવેશ ફોર્મ મેળવી અને ભરીને તા. ૦૭ મે, ૨૦૧૮ સુધીમાં આપવાના રહેશે. વર્કશોપ અંગેના સ્થળ અને સમયની પછી જાણ કરવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર- ૦૭૮ ૨૩૨ ૪૦૩૨૪ પર કરવા જિલ્લા રમત ગમત અધિકારી, ગાંધીનગર વી.બી.દત્તાએ જણાવ્યું છે.

એફઆરસી દ્વારા કયા કોર્સની ફીનું નિર્ધારણ કરાય છે?

બેચલર ઓફ ઈજનેરી એન્ડ ટેકનોલોજી એન્ડ ડિપ્લોમા ઈજનેરી, બેચલર ઓફ ફાર્મસી એન્ડ ડિપ્લોમા ફાર્મસી, બેચલર ઓફ આર્કિટેક્ચર એન્ડ ડિપ્લોમા આર્કિટેક્ચર, બેચલર ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ ડિપ્લોમા ઇન હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ, માસ્ટર ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન, માસ્ટર ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન, માસ્ટર ઓફ ઈજનેરી એન્ડ ટેકનોલોજી, માસ્ટર ઓફ ફાર્મસી, બેચલર ઓફ પ્લાનિંગ એન્ડ માસ્ટર ઓફ પ્લાનિંગ, બેચલર ઓફ આર્કિટેક્ચર એન્ડ ઈન્ટિરીયર ડિઝાઈન.

આટીઈ અંતર્ગત પ્રવેશની સરકારની પદ્ધતિ-પ્રક્રિયા પ્રત્યે હાઈકોર્ટને સંતોષ

ગાંધીનગર, તા. ૪

આરટીઈ હેઠળ પ્રવેશ ફાળવવા માટેની સરકારની પદ્ધતિ અને પ્રક્રિયા સંતોષજનક હોવાનું મહત્વપૂર્ણ અવલોકન કરતાં હાઈકોર્ટના જસ્ટિસ એમ આર શાહ અને જસ્ટિસ એ વાય કોગજેની ખંડપીઠે આ સમગ્ર મામલે થયેલી અપીલનો નિકાલ કર્યો છે. ખંડપીઠે નોંધ્યું છે કે રાજ્ય સરકારના આરટીઈ કાયદા પ્રત્યે સભાન છે અને તેના અમલથી સારાં પરિણામો આવે એ દિશામાં કાર્યરત છે. સરકારે આ કાયદા હેઠળ રાજ્યની તમામ શાળાઓને આવરી લીધી છે જે પ્રશંસનીય છે.

કોઈ શાળા કાયદાની અમલવારીમાંથી છટકે નહીં તે પણ સરકારે સુનિશ્ચિત કર્યું છે અને ૮૫ ટકા જેટલી સીટો આરટીઆઈ કાયદા મુજબ ભરાશે તેવી ખાતરી પણ આપવામાં આવી છે. જો કે, કોઈ પણ વાલીને કોઈ ફરિયાદ કે તકરાર હોય તો તેઓ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી અને ડીપીઓ સમક્ષ ફરિયાદ કરી શકશે જેનો નિકાલ તાત્કાલિક કરવાનો રહેશે.

આરટીઈ કાયદાની રાજ્યમાં યોગ્ય રીતે અમલવારી થતી નથી અને ગરીબ વર્ગનાં બાળકો સારી શાળામાં પ્રવેશથી વંચિત રહી જતા હોવાના આક્ષેપ સાથે હાઈકોર્ટમાં અરજદાર સંદીપ મુંજયાસરાએ અપીલ કરી હતી, જેમાં સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલ મનીષા લવકુમાર શાહે કોર્ટને કેટલીક મહત્વની વિગતો પણ આપી હતી. તેમણે કોર્ટને જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષમાં રાજ્યની તમામ ૯૮૪૪ શાળાઓમાં પચીસ ટકા બેઠકો રાજ્યના આર્થિક નબળા અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને ફાળવવામાં આવશે. રાજ્ય સરકાર આ કાયદાનો ખરા અર્થમાં અમલથાય અને બહોળા વર્ગને તેનો લાભ મળે એ માટે તબક્કાવાર આરટીઈ હેઠળ પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરી રહી છે.

મુદત વધારવાની અરજીનો નિર્ણય ન આવે તો

આરટીઈ હેઠળ પ્રવેશફોર્મ ભરવાની આજે અંતિમ તારીખ

ગાંધીનગર, તા. ૪

આરટીઈ હેઠળ પ્રવેશ માટે ચાલતી કાર્યવાહીમાં ફોર્મ ભરવાની સમયમર્યાદા પાંચમી મેના રોજ પૂર્ણ થઈ રહી છે. આ મુદત વધારવા માટે કરાયેલી રજૂઆતનો કોઈ નિર્ણય ન આવ્યો તો પાંચમી એ ફોર્મ ભરવાની અંતિમ તારીખ રહેશે.

ઉલ્લેખનીય છે કે આરટીઈ હેઠળ ગત તા. ૧૯મીથી ફોર્મ ભરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. હજુ સુધી અમદાવાદ શહેરમાં ૮ હજાર જેટલી અરજીઓ આવી છે. સામાન્ય રીતે અમદાવાદ શહેરમાંથી ૧૦ હજાર જેટલી અરજીઓ આવતી હોય છે.

આ વખતે ઓછી અરજીઓ આવવાથી હજુ અનેક વાલીઓને ફોર્મ ભરવાની જાણકારી નથી મળી એવું માનવામાં આવે છે.